# નક્કી થયેલા ૧૪ પ્રોજેક્ટ સમયસર શરૂ થઈ જાય તો જનતાનું કલ્યાણ

## રાષ્ટ્રીય ભાજપમાં પાંચ નેતાઓ વિસરાયા, નવા પાંચ નેતાઓનો ઉદય


ગુજરાતના વિકાસને આગળ ધપાવવા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની સરકારે ૧૪ પ્રોજેક્ટોને પ્રાધાન્ય આપવાનું નક્કી કર્યું છે. આ પ્રોજેક્ટોમાં સાત સ્માર્ટ સિટી પ્રથમ છે. અમદાવાદની વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી કે.શ્રીનિવાસન આવી શકે છે. તે ઉપરાંત આ પોસ્ટ માટે અન્ય નામો પણ વિચારણામાં છે જેમાં એક તબક્કે રાજીવ ગુપ્તાનું નામ પણ ચર્ચામાં આવ્યું હતું. સરકાર તેના વિભાગોના

### વિભાગોમાં કામ કરાવી આપનારા એજન્ટોની સચિવાલયમાં મોજૂદગી

મેટ્રોરેલનો પ્રોજેક્ટ તો શરૂ કરી દેવામાં આવ્યો છે. ધોલેરા એરપોર્ટ, પીપીપી મોડ ઉપર રાજયના બસસ્ટેશનોનો વિકાસ અને નવી રેલ્વેલાઈનો એ પણ મહત્વનું કદમ છે. દરિયા કિનારાના દસ પોર્ટનો પ્રાઈવેટ પ્લેયર્સ પાસે વિકાસ કરાવવાનું એજન્ડામાં ઉચ્ચ ઓફિસરોમાં બહુ મોટા બદલાવ કરવા જઈ રહી છે, એ સાથે કેટલાક સિનિયર આઈપીએસ ઓફિસરોની બદલીઓ પણ સંભળાઈ રહી છે...

**સચિવાલયમાં એજન્ટો ફરી રહ્યાં છે ...**

વિભાગોમાં સરકારી કામ પૂર્ણ કરાવી આપનારા







છે. કચ્છ અને અન્ય લોકેશન ઉપર ઈન્ડસ્ટ્રીઝ માટે ડિસેલિનેશન પ્લાન્ટ, શહેરોમાં વોટર સપ્લાય અને સેવરેજ સિસ્ટમ, બીઓટીના ધોરણે માર્ગોના કામો, મિની હાઈડ્રોપાવર, ડીએમઆઈસી અને ડીએફસીમાં મલ્ટી મોડલ લોજીસ્ટિક પાર્ક અને અર્બન ટ્રાન્સપોર્ટેશનમાં બીઆરટીએસ તેમજ એલઆરટીએસનું આયોજન છે. અમદાવાદના સ્લમ ડેવલપમેન્ટનો એક પ્રોજેક્ટ છે. એ ઉપરાંત આઠ જેટલા ટ્વિન સિટીનો વિકાસ અને ટ્રાન્સપોર્ટ હબ સામેલ છે...

એજન્ટો સચિવાલયમાં ફરી રહ્યાં છે. મોદી શાસનના ૧૨ વર્ષ પછી ફરી એકવાર આવી સ્થિતિ આવી છે. સરકારનું વહીવટી તંત્ર અને ખાસ કરીને કેબિનેટના સિનિયર પ્રધાનો ધ્યાન નહીં રાખે તો મુલાકાતીઓ છેતરાતા જશે અને લોકોની કમાણી દાનદક્ષિણા આપવામાં જતી રહેશે. નાના પાયે શરૂ થયેલી આ પ્રેક્ટિસ હવે મોટું સ્વરૂપ ધારણ કરતી જાય છે. રાજયકક્ષાના પ્રધાનો જયાં બેસે છે સ્વર્ણિમ સંકુલ૨ પહેલું નિશાન હતું હવે આ એજન્ટો સ્વર્ણિમ સંકુલ૧ તરફ વળ્યા છે. જો કે એજન્ટોના આંટાફેરા

### ભારતના ૧૦૦ સ્માર્ટ શહેરોમાં ગુજરાતના સાત, મે મહિનામાં લોન્ચિંગ

**સીએમઓમાં મુર્મુ પછી કોણ આવશે ...**

ગુજરાતના ત્રણ સિનિયર આઈએએસ ઓફિસર જી. સી. મુર્મુ, આર.પી.ગુપ્તા અને રાજકુમાર ડેપ્યુટેશન પર નવી દિલ્હી ગયા પછી રાજય સરકાર બ્યુરોક્રેસીમાં મોટાપાયે ફેરફારો કરવા જઈ રહી છે. સચિવાલયના સૂત્રો જણાવે છે કે ચીફ મિનિસ્ટરની ઓફિસમાં જી.સી.મુર્મુના સ્થાને પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે હાલના સામાન્ય વહીવટ સચિવાલયના વિવિધ બ્લોકમાં સૌથી વધુ છે કારણ કે ત્યાં પ્રધાનો નહીં, ઓફિસરો અને કર્મચારીઓ બેસે છે. પ્રધાનો તેમના વિભાગની મુલાકાત લેતા નથી તેનું આ પરિણામ છે...

**ન્યૂ ભાજપ : પાંચની સામે નવા પાંચ ...**

ગુજરાત ભાજપનો સ્થાપના દિન ૬ઠ્ઠી એપ્રિલ છે. એક પાર્ટી કે જે ૧૯૮૦માં તેના અસ્તિત્વ માટે

● અનુસંધાન પાન-૭ પર



હનુમાન જયંતિ - ચંદ્રગ્રહણના પગલે મંદિરો મોડી સાંજે ખૂલતા ભાવિકો રાત્રે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે હનુમાન જયંતિ નિમિત્તે હનુમાન ચાલીસાના સામુહિક પાઠ તથા પૂજા યોજાઈ હતી. પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીના સાંનિધ્યમાં યોજાયેલ પૂજા-પાઠમાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

# અલાર્મ લોક હવે દરેક પોલીસ સ્ટેશનેથી મળી શકશે

## ઉનાળુ વેકેશનમાં ઘરફોડ અટકાવવા તકેદારી રાખો : બહારગામ જતી વખતે ડિપોઝીટ ભરીને વિના મુલ્યે લોક લઈ જવા તથા પોલીસ સ્ટેશનમાં બંધ મકાન અંગે જાણ કરવા ડીએસપીની સલાહ

ગાંધીનગર, તા.૫

ઉનાળુ વેકેશનનો માહોલ હોવાથી શહેરમાં ઘરફોડ ચોરી થવાની શકયતાઓને પગલે કેટલીક ખાસ તકેદારી રાખવા ડીએસપીની સલાહ છે. વેકેશન માણવા બહારગામ જતા નગરજનોએ સ્થાનિક પોલિસ મથકે તે અંગેની જાણ કરવા તથા દર દાગીના બેંક લોકરમાં કે અન્ય સેફ જગ્યાએ મુકવા અપીલ કરવામાં આવી છે. તે ઉપરાંત અલાર્મ લોક દરેક પોલિસ સ્ટેશનથી ડીપોઝીટ આધારે વિના મુલ્યે મળી જાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

ઉનાળુ વેકેશનમાં મકાનો બંધ કરી પ્રવાસે કે વતને નગરજનો જતા હોવાથી તથા ઉનાળામાં એસી ચાલુ કરી દરવાજા બારી બંધ કરીને મોટા ભાગના લોકો સુઈ જતાં હોવાથી આસપાસનાં કોઈ મકાનના તાળા તોડી ઘરફોડ કરી જાય તો કોઈને ખ્યાલ રહે નહી તેવી સ્થિતિ હોય છે.જેને પગલે ખાસ તકેદારી રાખવા ડીએસપી

● અનુસંધાન પાન-૭ પર

# સઈજ જીઆઈડીસીમાં થયેલી પાંચ લાખની ભંગાર ચોરીનો ભેદ ઉકેલાયો

## કલોલ હાઈવે પરની એક ઘરફોડ અને છત્રાલ જીઆઈડીસીમાંથી કોપર ચોરીના ગુનાની પણ કબુલાત

ગાંધીનગર, તા. ૫

સિદ્ધપુરથી ટ્રાન્સફર વોરંટને આધારે કલોલ તાલુકા પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. આ આરોપીએ તેના સાગરીતો સાથે મળીને કરેલા ગુનાઓની કબુલાત શરૂ કરી છે. જેમાં સઈજ જીઆઈડીસીમાં થયેલી રૂ. ૫ લાખની કિંમતના ભંગારની ચોરી, છત્રાલ જીઆઈડીસીમાં એક ફેકટરીમાં થયેલી કોપર ચોરી અને કલોલ હાઈવે પરની એક ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. કલોલ તાલુકા પોલીસે તેના રિમાન્ડ મેળવી સાગરીતો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. કલોલ આસપાસના અન્ય કેટલાક ગુનાઓના ભેદ ઉકેલાય તેવી

● અનુસંધાન પાન-૭ પર

# વેકેશનમાં રજાઓ ગાળવા ક્યાં જવુ : પુછપરછ-બુકીંગ શરૂ

## ઉનાળુ વેકેશનના ખાસ પેકેજ અને અવનવા સ્થળોની ખોજ માટે એજન્ટથી લઈને વેબસાઈટ સુધી શોધખોળ-પુછપરછ શરૂ થઈ

ગાંધીનગર, તા. ૪

હવે થોડાક જ દિવસોમાં ઉનાળાનું લાંબુ વેકેશન પડશે. વેકેશન દરમ્યાન ક્યાં ક્યાં ફરવા જઈ શકાય તેની પુછપરછ શરૂ થઈ ચુકી છે. કેટલાકે તો એડવાન્સ બુકીંગ કરાવી લીધુ છે. તો કેટલાક સારા પેકેજ માટે વેબસાઈટનો સહારો લઈ રહ્યા છે.

હાલમાં પરીક્ષાઓનો માહોલ ચાલી રહ્યો છે. આગામી એકાદ-બે અઠવાડિયામાં જ બધી જ શાળાકીય પરીક્ષાઓ પુર્ણ થતાં ગાંધીનગરાઓ વેકેશન ગાળવા વિવિધ સ્થળોએ પહોંચી જશે. અગાઉના સમયમાં ઉનાળુ વેકેશન એટલે મામાના ઘરે જ જવુ એવુ નક્કી રહેતુ હતુ. પરંતુ હવેના સમયમાં અઠવાડિયાથી વધુ કોઈ સગા સંબંધીના ઘરે રહેવા જવાતુ નથી. હવે તો વેકેશન દરમ્યાન બહાર ગામ હરવા ફરવા જવુ તે લેટેસ્ટ ટ્રેન્ડ બની ગયો છે. વેકેશન પહેલા જ એકાદ બે મહિના અગાઉથી રજાઓનું પ્લાનીંગ માંડે છે. વેકેશન દરમ્યાન તમામ ટ્રેનો એકદમ ફુલ હોવાથી વસાહતીઓ હમણાંથી જ એડવાન્સ બુકીંગ કરાવી રહ્યા છે.

ઉદેપુર, આબુ જેવા નજીકના સ્થળોએ બે-ચાર દિવસથી લઈને એક અઠવાડિયા સુધી ફરવા જવાના પ્લાન બની રહ્યા છે. તો સૌરાષ્ટ્ર હંમેશાની જેમ હોટ ફેવરીટ રહ્યુ છે. 'ખુશ્બુ ગુજરાત કી' જેવી પ્રવાસન નિગમની એડના કારણે સાસણ-ગીરની લોકપ્રિયતા વધી છે. સાસણ-ગીરમાં સિંહદર્શન માટે જવુ અને આસપાસ આવેલા સ્થળોની પણ સાથે જ મુલાકાત લેવી તેના પ્લાનીંગ થઈ રહ્યા છે.

હરવા ફરવાના નવા સ્થળો શોધવા તથા પેકેજ માટે પ્રવાસનું આયોજન કરતા એજન્ટોની ઓફિસના ચક્કર પણ ઘણા ખાઈ રહ્યા છે. તો હવે વિવિધ ફાયદાકારક પેકેજીસની જાણકારી વેબસાઈટ પર પણ ઉપલબ્ધ હોવાથી ત્યાં જ વસાહતીઓ સારા પેકેજીસ માટે નજર દોડાવી રહ્યા છે અને બુકીંગ કરાવી રહ્યા છે. રેલવે રીઝર્વેશન સેન્ટરો પર પણ ભીડ જોવા મળી રહી છે.

## પ્રદેશ કોંગ્રેસ સમિતિની બેઠક મુલત્વી

ગાંધીનગર, તા.૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા નવનિયુકત પદાધિકારીઓ, શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સહિત વિશેષ આમંત્રિતોની એક બેઠક તા. ૮મી એપ્રિલ ૨૦૧૫ના રોજ રાખવામાં આવી હતી. આ બેઠક હાલ પુરતી મુલત્વી રાખવામાં આવી છે. હવે બેઠક એપ્રિલ માસના ત્રીજા સપ્તાહમાં યોજાશે જેની તારીખ હવે પછીથી જાહેર કરવામાં આવશે તેવું પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડૉ. મનીષ દોષી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઉત્તપમ્માંથી નીકળેલ ધારદાર સ્ક્રૂ બાળક ગળી જતા રહી ગયો..!!!

## સે. ૧૧ની પ્રખ્યાત રેસ્ટોરન્ટમાં પરિવાર જમવા માટે આવ્યુ હતુ : છ વર્ષના બાળકની ડીશમાં પિરસેલ ઉત્તપમમાંથી સ્ક્રૂ નિકળ્યો : ભુલ સ્વિકારી મેનેજરે ફરીથી વાનગી પિરસી

ગાંધીનગર, તા. ૪

શહેરના સેક્ટર-૧૧માં આવેલ એક જાણીતી ફુડ ચેઈન રેસ્ટોરન્ટની વાનગીમાંથી સ્ક્રૂ નિકળતા જમવા માટે આવેલો પરિવાર હેબતાઈ ગયો હતો. આ ઘટનાની જાણ રેસ્ટોરન્ટના મેનેજરને કરતા ભૂલ સ્વીકારી ફરીથી વાનગી પીરસવામાં આવી હતી. પરંતુ જો બાળક ભુલથી સ્ક્રૂ ગળી ગયો હોય તો ગંભીર પરિણામ આવ્યું હોત.

ગાંધીનગર શહેરમાં જમવા માટેની રેસ્ટોરન્ટો આંગળીના વેઢે ગણી શકાય તેટલી છે. એક વાર નામ બની ગયા પછી આ રેસ્ટોરન્ટના માલિકો હવામાં ઉડવા લાગે છે. જેના પરિણામે જમવા માટે આવનાર નાગરિકોને ભોગવવું પડતુ હોય છે.

રજાઓના માહોલમાં ગાંધીનગરમાં રહેતો એક પરિવાર રાત્રે પોતાના પરિવાર અને ઘરે આવેલા મહેમાનની સાથે જમવા માટે નીકળ્યા હતા. આ પરિવારે સેક્ટર-૧૧ સ્થિત એક ફુડ ચેઈન રેસ્ટોરન્ટ પર પસંદગી ઉતારતા ત્યાં જમવા માટે બેઠા હતા. પરિવારે વેઈટરને બોલાવી ભાજીપાઉ, ઉત્તપમ, ઢોંસા સહિતની વાનગીનો ઓર્ડર આપ્યો હતો.

રેસ્ટોરન્ટના વેઈટરે વાનગીઓ પિરસતા પરિવારે વાનગીઓ જમવાની શરૂઆત કરી હતી ત્યારે છ વર્ષના બાળકની

● અનુસંધાન પાન-૭ પર

### નેશનલ યુથ કોર્પ્સ
**(National Youth Corps)**

**યોજના હેઠળ યંગ વોલન્ટીયર્સની પસંદગી માટે અરજીપત્રક મંગાવવામાં આવે છે.**

નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર ખાતે એન.વાય.સી. (NYC) યોજના હેઠળ ૧૦(દસ) યંગ વોલન્ટીયર્સની પસંદગી કરવાની છે જેની લાયકાત નીચે મુજબ છે.

(૧) ૧૮-૨૫ વય જૂથના યુવા ભાઈ-બહેનોને ૧ (એક) વર્ષ માટે કોમ્યુનિટી સર્વિસ માટે પસંદ કરવાના છે. કે જેમની ઉંમર તા. ૧-૪-૨૦૧૫ના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થયેલ ન હોવા જોઈએ. (૨) માનદ પુરસ્કાર રૂ. ૨૫૦૦/- દર મહિને માળવાપાત્ર રહેશે. (૩) મહિલા ઉમેદવાર પણ અરજી કરી શકશે. (૪) સ્નાતક પાસ થયેલાને પસંદગીમાં અગ્રીમતા મળશે. (૫) પસંદગી પામેલ યુવા ભાઈ-બહેનોએ સમાજને લગતી યુવા પ્રવૃત્તિ જેવી કે આરોગ્ય, સાક્ષરતા, સ્વચ્છતા અભિયાન, સાંસ્કૃતિક, યુવા પ્રવૃત્તિ, રમત-ગમત અને રાષ્ટ્ર ઘડતર વિગેરે જેવી પ્રવૃત્તિઓ કરવાની રહેશે. (૬) લઘુતમ લાયકાત ધો.૧૦ પાસ હોવા જોઈએ. (૭) અરજદાર ગાંધીનગર જીલ્લાના વતની હોવા જોઈએ. એન.વાય.સી. વોલન્ટીયર્સ માટેનું અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૧૬-૪-૨૦૧૫ છે જે નીચે જણાવેલ નેહરુ યુવા કેન્દ્રની કચેરીએથી વિનામૂલ્યે મળશે અથવા વેબસાઈટ www.nyks.org તથા www.yas.nic.in પરથી ડાઉનલોડ કકરી શકાશે.

**વધુ માહિતી માટે નીચેની કચેરીએ સંપર્ક કરવા વિનંતી.**

યુથ કો-ઓર્ડીનેટરશ્રી
નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર
બ્લોક નં. ૧૦/૧, ચ-ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગર
ફોન : ૨૩૨૬૨૦૦૫


# શહેરમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના સાહિત્યનો રાફડો

## અનેક પ્રકાશનોએ પોતાની પુસ્તકો બજારમા મુકી દેતા કયુ પુસ્તક ખરીદવુ એ મુંઝવણમાં મુકાઈ ગયા છે : ઉમેદવારો ચેતજો ગુગલ ગુરૂ પાસે શિષ નમાવી પ્રકાશકો બજારમાં આવે છે

ગાંધીનગર, તા. ૫

શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાની મોસમ પુરબહારમાં ખીલી છે. સ્પર્ધકો પણ તનતોડ મહેનતમાં લાગી ગયા છે. પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાના સાહિત્યનો રાફડો ફાટ્યો છે અને અનેક પ્રકાશનોની પુસ્તક બજારમાં આવી જતા સ્પર્ધકો પણ કયુ પુસ્તક ખરીદવુ તેની ભારે મુંઝવણમાં મુકાઈ ગયા છે. જ્યારે કેટલાક પુસ્તકમાં આંકડાકીય ભુલો થતા પુસ્તક લીધા પછી પણ પસ્તાવવાનો વારો આવે છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ પોલીસ કોન્સ્ટેબલ અને પી.એસ.આઈ. તેમજ નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારીની વિવિધ ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી છે. જેમાં પોલીસ કોન્સ્ટેબલ અને પી.એસ.આઈ.ની



પરીક્ષાની તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓ-ઉમેદવારો તનતોડ મહેનત કરવા મચી પડ્યા છે. પરંતુ મોટા ભાગના સ્પર્ધકો હાલ પરીક્ષાના સાહિત્યને લઈ મુંઝવણમાં મુકાઈ ગયા છે.

સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત પ્રસિદ્ધ થતા અનેક પ્રકાશનો પોતાની જે તે સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમને લગતી આવૃતિ-પુસ્તકો બજારમાં બીજા

● અનુસંધાન પાન-૭ પર

**સ્પર્ધાત્મક પરીક્ષાથી ઝેરોક્ષ સેન્ટરોને બખ્ખે બખ્ખા**

શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના સાહિત્યનો રાફડો ફાટ્યો છે. ત્યારે શહેરમાં ઝેરોક્ષની દુકાન ચલાવતા સંચાલકોને પણ હાલ તો ઘી કેળા થઈ રહ્યા છે અને આખે આખી પુસ્તકોને પુસ્તકની અડધી કિંમતમાં ઝેરોક્ષ કરી આપી રહ્યા છે. આમ પ્રકાશકો અને ઝેરોક્ષ સેન્ટરના સંચાલકો બસ દિવસ રાત સાહિત્યના નામે રૂપિયા ભેગા કરી રહ્યા છે.

શ્રદ્ધાંજલિ



સ્વ.ડો.ડાહ્યાભાઈ ખોડીદાસ પટેલ
(Ex.RMO Gandhinagar Civil Hosp.), સ્વ.તા.૬-૩-૨૦૧૫, ફાગણ વદ ૧
તમારા થકી લાડકોડ થી મોટા થયા એ જ સ્નેહ અને પ્રેમ ક્યારે મળશે, અમને જીવનભર તમારા આશિર્વાદ મળતા રહે તેવી પ્રાર્થના...
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે..
રમેશભાઈ જે. પટેલ (જય અંબે લેમિનેશન)
શાંતિભાઈ પી. ગજેરા (એડવોકેટ, ગાંધીનગર)
મનસુખભાઈ એલ. ગોંડલીયા (સ્કાય ઈલેક્ટ્રોનિક્સ,ગાંધીનગર)
અમૃતભાઈ એચ. પટેલ (જય અંબે ઈન્ડસ્ટ્રીઝ, ગાંધીનગર)

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફિસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મકાન વેચવાનું છે
૯૦ વાર, સીંગલ માળ વીથ સેલર, ટાઈટલ ક્લીયર, ફીક્સ ફર્નિચર સાથે મકાન વેચવાનું છે.
સેક્ટર-૩ન્યુ, ગ-૧ પાસે
સંપર્ક : ૯૮૨૪૫ ૦૯૪૮૦

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com